દાદા ભગવાન પરિવારનું
સપ્ટેમ્બર ૨૦૨૧
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



માંગુ હું આપની પાસે માતા,
પ્રેમલ મધુરી વાણી...

# માંગુ હું આપની પાસે માતા, પ્રેમલ મધુરી વાણી...

## સંપાદકીય

આ વર્લ્ડમાં એવી કોઈ દવા છે કે જે ગમે તેવા દર્દને મટાડી શકે ? હા !! એ દવા છે જ્ઞાની પુરુષની અદ્‌ભુત વાણી. જ્ઞાની પુરુષના શબ્દોમાં એવું બળ હોય કે એ સર્વ દુ:ખોને દૂર કરી શકે. પણ આપણને પ્રશ્ન તો થાય ને કે જ્ઞાનીઓની આવી ગજબની વાણી પાછળનું રહસ્ય શું હશે ? એ રહસ્ય છે કે જ્ઞાનીઓ ક્યારેય સરસ્વતી દેવીના કાયદા ના તોડે.

સરસ્વતી દેવીના 'કાયદા' એટલે શું ? જેમ ટ્રાફિકના કાયદાઓ હોય, જેમ સ્કૂલમાં કાયદાઓનું પાલન કરવાનું હોય એમ દેવ-દેવીઓના પણ અમુક કાયદાઓ હોય છે.



ચાલો, આ અંકમાં સમજીએ કે સરસ્વતી દેવીના કાયદાઓ શું છે ? એ કાયદાઓ પાળવાથી શું ફાયદો થાય અને કાયદાઓનો ભંગ કરીએ તો શું નુકસાન થાય ? અને ભાવના કરીએ કે સરસ્વતી દેવી રાજી થાય એવી મીઠી મધુરી વાણી હંમેશા બોલીએ.

- ડિમ્પલભાઇ મહેતા




અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૪, અંક : ૧
સળંગ અંક : ૧૫૭
સપ્ટેમ્બર ૨૦૨૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2021, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : સરસ્વતી દેવીના કાયદા શા છે ?

નીરુમા : વાણીથી કોઈને કિંચિત્‌માત્ર પણ દુઃખ ના થાવ.

પ્રશ્નકર્તા : એ કાયદો પાળવાથી અમને ભણતર, સંગીત કે કોઈપણ કળા શીખવામાં શું ફાયદો થાય ?

પૂજ્યશ્રી : સંગીત શીખવું હોય, ભણતર શીખવું હોય, તે બધામાં આપણને અંતરાયો ના આવે. વાણી સમજવા માટે અંતરાય ના પડે. વાણીનો દુરુપયોગ કર્યો નથી એટલે શક્તિ તોડી નથી નાખી. એટલે આપણને યાદ રહી જાય એવી શક્તિ વધે. ગ્રાસ્પિંગ પાવર સરસ થઈ જાય. શબ્દોમાં વચનબળ ઊભું થાય. કોઈને દુઃખ આપતા નથી એટલે આપણને દુઃખ નહીં આવે. એટલે બહુ પોઝિટિવ રિઝલ્ટ આવવાનું બધું.


પ્રશ્નકર્તા : સરસ્વતી દેવીનો કાયદો તોડ્યો ક્યારે કહેવાય ?

નીરુમા : (આપણી વાણીથી કોઈને) હર્ટ થાય તો સમજી જાવ કે સરસ્વતી દેવીનો કાયદો તોડ્યો. અવળી વાણી બોલે, નિંદા-કૂથલી કરે, મહાન પુરુષોનું અવળું બોલે, કોઈને ડરાવે, કોઈને છેતરે, વાતને બદલી નાખે ત્યાં સરસ્વતી દેવીના કાયદા તોડ્યા કહેવાય. વાણીનો દુરુપયોગ કરીએ, વાણીથી કોઈનો લાભ ઉઠાવીએ ત્યાં સરસ્વતી માતા રાજી ના થાય.

પ્રશ્નકર્તા : સરસ્વતી માતાના કાયદા પાળીએ તો શું ફળ મળે ?


દાદાશ્રી : વાણીનો કોઈપણ જાતનો દુરુપયોગ ના થાય તો વચનબળ ઉત્પન્ન થાય.

બોલવું હોય તો પોઝિટિવ બોલવાનું, પણ નેગેટિવ નહીં બોલવાનું. કોઈને દુઃખ થાય એવું નહીં બોલવાનું. હેલ્પ થાય એવું કરવાનું. તો પછી વચનબળ ઊભું થાય. બે શબ્દ બોલે ને તો સામો માણસ ધન્ય થઈ જાય કે મારું હૃદય પરિવર્તન થઈ ગયું, મારી જિંદગી સુધરી ગઈ. શબ્દોની કિંમત એટલી બધી હોય.





# આ તો નવી



'અમારું' વચનબળ તો અજાયબી કહેવાય ! અમે બોલીએ કે 'એ ચ કૂદ', તો સામો દસ ફૂટનો ખાડો ચ કૂદી જાય ! અમારા વચનમાં જ એવું બળ છે.

## વાણીને વાળીએ એવી વળી જાય.


દા.ત. "શું બધા અક્કલ વગરના અહીં બેસી રહ્યા છો ! ઉઠોને જમવા." આ વાણી દુઃખદાયી કહેવાય. આ દુઃખદાયી વાણીને મીઠી વાણીમાં આવી રીતે વાળી લેવાય, "ભાઈ, જરા જમવા પધારોને."



# જ વાત !



માણસ જૂઠું બોલે એટલે
એનો વિશ્વાસ તૂટી જાય.



હે દાદા, કંઠે બિરાજો. એટલે
વાણી સુધરી જાય. અહીં ગળે
દાદાનું નિદિધ્યાસન કરીએ તોય
વાણી સુધરી જાય.

# રહસ્યમયી સફર

એક બહુ જ મોટો દરવાજો. દરવાજો એટલો સુંદર કે કોઈને પણ અંદર જવાની ઈચ્છા થાય. દરવાજો સુંદર અને સુગંધિત પુષ્પોથી ઢંકાયેલો હતો. આજુબાજુ નાના ઝરણા પણ વહેતા હતા.

નિસર્ગને પણ અંદર જવાની ઈચ્છા થઈ. પરંતુ એ અંદર જાય એ પહેલા જ એક એન્જલે આવીને તેને અંદર જતા અટકાવ્યો.

એન્જલે કહ્યું, ''આ કોઈ સાધારણ દરવાજો નથી. આ તો એક રહસ્યમયી ફેરીલેન્ડ છે. તેની અંદર જવા માટે અમુક રૂલ્સ છે.''

નિસર્ગની ધીરજ ખુટી ગઈ. તેને તો અંદર જવું જ હતું. તેણે એન્જલને કહ્યું, ''મને બધા જ રૂલ્સ મંજૂર છે. પણ મને અંદર જવાની પરમિશન આપો.''

એન્જલે હાથથી એક સ્ટિક ઘુમાવી અને દરવાજા પર કંઈક લખેલું દેખાયું.

નિસર્ગે ધ્યાનથી રૂલ્સ વાંચ્યા અને વિચારીને કહ્યું, ''ઓહો, આટલી જ વાત છે ? મને બધું જ મંજૂર છે.''

દરવાજો ખૂલ્યો અને નિસર્ગની આસપાસ સુંદર ગીતો ગાતા પંખીઓ ફરી વળ્યા. સફેદ સફેદ પોચા પોચા વાદળ તેની ફરતે વીંટળાય ગયા. વાદળ થોડા દૂર થતાં નિસર્ગે જોયું કે તેની બાજુમાંથી જ



એક ચોકલેટથી ભરેલી ટ્રેન જઈ રહી હતી. તરત જ તેને એક મુઠ્ઠી ચોકલેટ લઈને ખિસ્સામાં મૂકી દીધી.

એક ચોકલેટ એ મોઢામાં મૂકવા જતો જ હતો ત્યાં એક સુંદર એન્જલ એની સામે આવી.

એન્જલ કંઈ પૂછે એ પહેલા જ નિસર્ગે કહ્યું, 'આ ચોકલેટ તો હું ઘરેથી લાવ્યો છું.'

એન્જલ કંઈ પણ બોલ્યા વગર ગાયબ થઈ ગઈ.

નિસર્ગ આગળ જવાનું વિચારતો હતો ત્યાં જ તેને એક અવાજ સંભળાયો : 'વેલ કમ ટુ ધિસ બ્યુટિફૂલ વર્લ્ડ. પહેલાં આવેલા દસ બાળકો અંદર આવી શકે છે.'

નિસર્ગ જેવા બીજા બાળકો પણ ત્યાં હાજર હતા. પરંતુ પહેલા દસ જ બાળકોને અંદર જવાની પરમિશન મળી ત્યારે નિસર્ગને લાગ્યું કે તે બહાર જ રહી જશે. એટલે બીજા બાળકોને ધક્કો મારીને તે આગળ પહોંચી ગયો. ત્યાં ઊભેલી એન્જલની કડક નજર જોઈને એણે કહ્યું, "હું તો પહેલેથી જ આવ્યો હતો. બસ, થોડો પાછળ ઊભો હતો."

દરવાજાની અંદર એક એન્જલ ભોજન લઈને હાજર થઈ. એન્જલે પ્રેમથી નિસર્ગને જમવા માટે ભોજન પીરસ્યું.

પહેલો કોળિયો મોંમાં મૂકતા જ નિસર્ગના મોંમાંથી ચીસ પડી ગઈ. 'આવું ફિક્કું ખાવાનું મને ના ભાવે !! મને તો ચટપટું જ ભાવે !'

એન્જલે પૂછ્યું - 'મમ્મી ક્યારેક આવું ખાવાનું બનાવે તો તું શું કરે છે ??'


'હું અડું પણ નહીં. અને મમ્મીને બીજું બનાવવાનું કહું' નિસર્ગે મોં મચકોડતાં કહ્યું.

એન્જલ નિરાશ થઈને અદશ્ય થઈ ગઈ.



હવે નિસર્ગ વિચારમાં મૂકાઈ ગયો. એને એટલું તો સમજાઈ ગયું હતું કે બધી જ એન્જલ્સ એનાથી નારાજ હતી. પણ એવું કેમ હતું તે નહોતું સમજાયું.

તે જ વખતે કોઈકે નિસર્ગના કપડા ખેંચ્યા. તેણે પાછળ વળીને જોયું તો એક નાનું ગલૂડિયું હતું. નિસર્ગ એટલો અપસેટ હતો કે તેણે ગુસ્સામાં ગલૂડિયાને "ચલ, હટ" કહી, ડરાવી અને ભગાવી મૂક્યું. તે જ વખતે ફરી એક એન્જલ હાજર થઈ અને કંઈપણ બોલ્યા વગર અદૃશ્ય થઈ ગઈ.



એક પછી એક દરવાજાઓ પસાર કરતાં છેવટે નિસર્ગ એક મોટા દરવાજા પાસે આવી પહોંચ્યો. ફેરીલેન્ડમાં જોયેલા બધા જ દરવાજાઓ કરતા આ વધારે બ્યુટિફૂલ હતો. ત્યાં જ એક એન્જલ પ્રગટ થઈ અને નિસર્ગને પૂછ્યું, "શું તેં ફેરીલેન્ડના બધા રૂલ્સ ફોલો કર્યા છે ?"

ફેરીલેન્ડમાં પ્રવેશતા પહેલા એન્જલે બતાવેલા રૂલ્સ નિસર્ગને યાદ આવ્યા. દરવાજા પર લખેલું હતું, "આ ફેરીલેન્ડમાં બસ એવા જ બાળકોને એન્ટ્રી મળશે જે પોતાની વાણીથી બીજાને હર્ટ ના કરે, કોઈપણ રીતે વાણીનો દુરુપયોગ ના કરે."

મોટા દરવાજાની અંદર જવાની લાલચથી નિસર્ગને ફરી એકવાર ખોટું બોલવાની ઈચ્છા થઈ. પણ પછી એને એન્જલ્સના નારાજ ચહેરા યાદ આવ્યા. એન્જલ્સની નારાજગી અને જરાય પસંદ નહોતી. ફેરીલેન્ડમાં પ્રવેશ્યા બાદના બધા જ સીન્સ નિસર્ગની આંખો સામે ફ્લેશ થયા. એણે સ્થિરતાથી વિચાર્યું અને હિંમત ભેગી કરીને કહ્યું, "નો. આઈ એમ રિયલી સોરી. મેં અહીંયાના રૂલ્સ ફોલો નથી કર્યા." નિસર્ગનો જવાબ સાંભળીને એન્જલ હેપ્પી થઈ ગઈ.

પહેલીવાર એણે કોઈ એન્જલને હેપ્પી જોઈ અને એ પણ ખુશ થઈ ગયો. એન્જલે પ્રેમથી કહ્યું, "વેરી ગુડ, નિસર્ગ. ભૂલ થાય એનો વાંધો નથી. પણ ભૂલ આપણને ખબર ના પડે એનો વાંધો છે. તે તારી ભૂલ સ્વીકારી એટલે હું

તારાથી બહુ જ ખુશ છું. તને ખબર છે તે કેટલી જગ્યાએ વાણીનો દુરુપયોગ કર્યો હતો ?''

"હા, મેં ચોકલેટ ટ્રેનમાંથી ચોકલેટ લઈને ખોટું કહ્યું હતું કે એ ચોકલેટ હું ઘરેથી લાવ્યો છું. હું ચીટિંગ કરીને લાઈનમાં આગળ ઊભો રહ્યો હતો અને જૂઠું બોલ્યો હતો કે હું પહેલેથી જ આગળ ઊભેલો છું.'' નિસર્ગે પોતાની ભૂલો કબૂલ કરી.

"વેરી ગુડ નિસર્ગ. અને ખાવાનું નથી ભાવતું એમ કહીને તે એન્જલને હર્ટ કરી હતી અને નાન-કડા ગલૂડિયાને ડરાવીને ભગાવી દીધું હતું, એ પણ વાણીનો દુરુપયોગ કર્યો કહેવાય.'' એન્જલે કહ્યું.

"ઓહ, એમ ?'' નિસર્ગને નવાઈ લાગી. અને સાથે સાથે ખાતરી પણ થઈ ગઈ કે હવે એને છેલ્લા દરવાજાની અંદર જવા નહીં મળે.

એટલી વારમાં દરવાજો જાતે જ ખુલી ગયો.

"હું અંદર જઈ શકું છું ?'' નિસર્ગે ડરતાં ડરતાં પૂછ્યું.

"હા,'' એન્જલે એક બહુ જ મીઠી સ્માઈલ આપી અને અદૃશ્ય થઈ ગઈ.

નિસર્ગે અંદર જોયું તો એક બહુ જ સુંદર એન્જલ દેખાઈ. એમની આસપાસ સફેદ રંગનું એક આભામંડલ હતું. તેમને જોવા માત્રથી જ નિસર્ગના મનમાં સુંદર ભાવ થવા લાગ્યા. બોલવા માટે મોં ખોલવા જતાં એને એવું લાગ્યું કે જાણે તેના મોંમાંથી ફૂલો સરી પડશે. નિસર્ગને નવાઈ લાગી કે તેની સાથે શું થઈ રહ્યું છે !!

એન્જલે નિસર્ગને અંદર આવવા જણાવ્યું. તેમણે પોતાનો પરિચય આપ્યો, "મારું નામ માતા સરસ્વતી છે. તું મને વિદ્યાની વાણીની દેવી સમજીને, મને ખુશ કરવા મારી પૂજા કરે છે. પરંતુ તું આ બધું ના કરે તો પણ ચાલે.''

નિસર્ગને નવાઈ લાગી, "તો તમને ખુશ કરવા અમારે શું કરવું જોઈએ ??''

"વાણીથી કોઈને દુઃખ ના આપો એટલે હું ખુશ !'' સરસ્વતી માતાએ પોતાના મીઠા મધુર અવાજમાં કહ્યું.

સરસ્વતી માતાની વાત સાંભળીને નિસર્ગને પોતાની ભૂલ પર ફરી પસ્તાવો થયો.

"પણ તારી જેમ, જે બાળકોને પોતાની ભૂલોની ખબર પડે અને ભૂલોની માફી માંગી લે તે બાળકો મને બહુ જ ગમે.'' નિસર્ગના દિલની વાત સાંભળીને સરસ્વતી માતાએ પ્રેમથી કહ્યું.

"હું મારી વાણીથી કોઈને હર્ટ નહીં કરું. અને જો કોઈને દુઃખ અપાઈ જશે તો હું તરત માફી માંગી લઈશ !'' નિસર્ગે નિશ્ચય કર્યો.

'શું તને આ રહસ્યમયી ફેરીલેન્ડની આગળ સફર કરવાનું ગમશે ??' માતાએ પૂછ્યું.

"હા, ચોક્કસ !''

માતા એ નિસર્ગને આગળનો રસ્તો બતાવ્યો અને અદૃશ્ય થઈ ગયા.

નિસર્ગ થોડો આગળ ચાલ્યો ત્યાં તેને એક દરવાજો દેખાયો. દરવાજા પર કંઈક લખેલું હતું. નિસર્ગે વાંચ્યું અને અંદર જવા ઉત્સાહિત થઈ ગયો.

**ક્રમશઃ**



# My Creation

1



2



3



4



5



6



7



8



9



10



# કાગડો અને શિયાળ


એક કાગડો હતો. બપોરના સમયે તે ભૂખ્યો થયો. ખોરાક શોધવા માટે તે આમતેમ ઊડ્યો અને એને એક સરસ મજાનો રોટલાનો ટુકડો મળ્યો. કાગડો તો રાજી થઈ ગયો. એક ઝાડની ઊંચી ડાળીએ જઈને બેઠો. એ રોટલો ખાવાની તૈયારી કરતો જ હતો ત્યાં તો એક શિયાળનો અવાજ સંભળાયો, "અરે કાગડાભાઈ, આજે તો તમે કેવા સુંદર દેખાવ છો ! તમારા પીંછા તો એકદમ ચળકે છે. બસ, એકવાર મને તમારું મધુર ગીત સંભળાવી દો ! આજે તમારો અવાજ સાંભળવાની બહુ ઈચ્છા થઈ છે."

કાગડો તો પોતાના વખાણ સાંભળીને બહુ જ ફૂલાઈ ગયો ! તેણે ગાવા માટે જેવું મોઢું ખોલ્યું કે તરત જ મોં માંથી રોટલાનો ટુકડો નીચે પડી ગયો. શિયાળ તો તૈયાર જ બેઠું હતું. તેણે રોટલાનો ટુકડો નીચે પડતા પહેલા જ મોઢામાં પકડી લીધો અને મોજથી ચાવતા ચાવતા ભાગી ગયું.

આ દૃશ્ય એક સસલાએ જોયું. સસલાએ વાંદરાને જઈને કહ્યું. વાંદરાએ હાથીને જઈને કહ્યું. આ રીતે આખા જંગલમાં વાત ફેલાઈ ગઈ કે શિયાળ પોતાનું કામ કઢાવવા માટે બીજા સાથે મીઠી-મીઠી વાતો કરીને બીજાને છેતરે છે અને તે દિવસથી શિયાળે કાયમ માટે જંગલના બધા જ પ્રાણીઓનો વિશ્વાસ ખોઈ નાખ્યો.

મિત્રો, જો આપણે આપણા સ્વાર્થ માટે, આપણા લાભ માટે, આપણું કામ કઢાવવા માટે બીજાને છેતરીએ કે બીજાના ખોટા વખાણ કરીએ તો એ વાણીનો બહુ મોટો દુરુપયોગ કર્યો કહેવાય. વાણીનો આવો દુરુપયોગ થાય તો આપણા પરથી બધાનો વિશ્વાસ ઉઠી જાય.





## આ શબ્દોથી સર્જાયું

# મહાભારત

પાંચ પાંડવોએ ઉજ્જડ વનપ્રદેશમાં દેવોની નગરી જેવું 'ઈન્દ્રપ્રસ્થ' શહેર બનાવ્યું અને તેમાં એક આલીશાન મહેલ બાંધ્યો. તેઓએ કૌરવોને ઈન્દ્રપ્રસ્થ આવવાનું આમંત્રણ આપ્યું.

દુર્યોધન અને અન્ય કૌરવ કુમારો આ આમંત્રણ સ્વીકારીને ઈન્દ્રપ્રસ્થ આવી પહોંચ્યા. ઈન્દ્રપ્રસ્થની શોભા અને સમૃદ્ધિ જોઈને તેઓ દંગ રહી ગયા. તેઓ પાંડવોનો આલીશાન મહેલ જોવા માટે નીકળ્યા. મહેલની રચના એવી હતી કે કેટલીક જગ્યાએ પાણી દેખાય પણ ખરેખર ત્યાં જમીન હોય. અને કેટલીક જગ્યાએ જમીન દેખાય પણ ખરેખર ત્યાં પાણી હોય. આ ખબર ન હોવાને કારણે જ્યાં જમીન હતી ત્યાં દુર્યોધને પોતાનું વસ્ત્ર ઊંચું ઉઠાવી લીધું. થોડું આગળ ગયા બાદ, દુર્યોધન જમીન સમજીને ચાલવા ગયા. પણ ત્યાં પાણી હતું એટલે પડી ગયા અને આખા ભીંજાઈ ગયા.

મહેલના એક ઝરૂખામાં ઊભી રહેલી પાંડવોની પત્ની દ્રૌપદીએ આ દ્રશ્ય જોયું. તેઓ જોરથી હસી પડ્યા અને બોલ્યા, "આંધળાનો પુત્ર આંધળો જ હોય ને !" દુર્યોધનના પિતા, ધૃતરાષ્ટ્ર જન્મથી જ અંધ હતા.

દુર્યોધન અંધ નહોતા. ફક્ત મહેલની ભૂલભૂલામણીથી અજાણ હતા. દ્રૌપદીના આવા કડવા શબ્દોથી દુર્યોધનને જબરજસ્ત દુઃખ પહોંચ્યું. તેમણે તે જ વખતે દ્રૌપદીનો બદલો લેવાનું નક્કી કર્યું. અને ત્યાં જ મહાભારતના યુદ્ધના બીજ નંખાય ગયા જેમાં મહાપુરૂષો સહિત અનેક યુવાનોએ પોતાની જાન ગુમાવી.

જોયું મિત્રો, કડવા શબ્દો કેટલો મોટો વિનાશ સર્જી શકે ? કડવા શબ્દ બોલવા એ વાણીનો ભયંકર દુરુપયોગ કર્યો કહેવાય. જે શબ્દો બીજાને દુઃખદાયી થાય એવા શબ્દો ના બોલાય.



# જાદુગરી ટોળી

સાત સમુંદર પાર ટીંબકટુ નામનું એક રાજ્ય હતું. રાજ્યમાં સુંદરતા તો બહુ હતી, પણ મુશ્કેલી એ હતી કે રાજ્યના બાળકોને ભણતરમાં કોઈ રસ નહોતો. વર્ષોથી પરંપરા હતી કે ખેડૂતનો પુત્ર ખેડૂત બને અને કુંભારનો પુત્ર કુંભાર બને.

અમુક યુવાનોને આ પરંપરામાં બદલાવ લાવવો હતો. પણ એમની વાત સાંભળવા કોઈ તૈયાર નહોતું. યુવાનોએ માતા-પિતાને પોતાના બાળકોને ભણવા મોકલવા માટે ઘણું સમજાવ્યું પણ એમની વાત કોઈને સ્વીકાર ના થઈ.

આખરે, એ પાંચ યુવાનોની ટોળી પહોંચી ટીંબકટુના એક મોટા જાદુગર પાસે. જાદુગરની વાત સાંભળીને ટોળીને બહુ જ નવાઈ લાગી.

"ખરેખર, બસ આટલું જ કરવાથી પ્રજા અમારી વાત માની જશે ?" યુવાનોએ પૂછ્યું.

"હા, ચોક્કસ," જાદુગરે વિશ્વાસપૂર્વક કહ્યું.

મહિનાઓ સુધી પાંચેય યુવાનોએ જાદુગરના કહ્યા પ્રમાણે કર્યું. ત્યારબાદ તેઓ પ્રજાને ફરી ભણતરનું મહત્ત્વ સમજાવવા નીકળી પડ્યા. અને આ વખતે પ્રજાએ એ પાંચેવની વાત સહેલાઈથી સ્વીકારી લીધી. માતા-પિતા પોતાના બાળકોને ભણવા મોકલવા માટે તૈયાર થઈ ગયા.

પાંચેવ ફરી પહોંચ્યા જાદુગર પાસે અને પૂછ્યું, "આ તો વળી કેવો જાદુ ? જે લોકો અમારી વાત સાંભળવા તૈયાર નહોતા એમને આટલી સહેલાઈથી અમારી વાત સ્વીકારી કેવી રીતે લીધી ?"

"આ જાદુ નથી, આ તો વચનબળ છે. મારા કહ્યા પ્રમાણે તમે મહિનાઓ સુધી વાણીનો સહેજ પણ દુરુપયોગ ના કર્યો. કોઈને દુઃખ થાય એવું ના બોલ્યા, કોઈને છેતર્યા નહીં, જૂઠું નથી બોલ્યા. એટલે, તમારી વાણીમાં એવી શક્તિ ઊભી થઈ કે તમે જે શબ્દો બોલો એ સામો તરત સ્વીકારી લે. જેઓ વાણીનો દુરુપયોગ ના કરે એમની વાણીમાં એવું બળ ઊભું થાય કે એમની વાત સામો તરત જ સ્વીકારી લે !" જાદુગરે ફોડ આપ્યો.

અને હવે, પાંચેવની ટોળીને લોકો 'જાદુગરી ટોળી' તરીકે ઓળખે છે કારણ કે એમની પાસે લોકોનું હૃદય પરિવર્તન કરવાની શક્તિ છે.

# ઈમ્પોસિબલ ટુ પોસિબલ

બપોરનો સમય હતો. આતિશના ઘરે એના ત્રણ મિત્રો ભણવા માટે ભેગા થયા હતા. પણ તે દિવસે એમના માટે ભણવું મુશ્કેલ થઈ ગયું હતું. એકાગ્ર થવાય પણ કેવી રીતે ? નીચે બાસ્કેટબોલ કોર્ટ પાસે અમુક કોલેજના છોકરાંઓ જોરથી મ્યુઝિક વગાડીને મોટે મોટેથી વાતો કરી રહ્યા હતા.

"આતિશ, યાર આ શું ન્યુસન્સ છે ? એમને કહે ને કે અવાજ ઓછો કરે." તરંગે કહ્યું.

"નોટ પોસિબલ. હું ઓળખું છું એ છોકરાંઓને. એ મારી વાત નહીં સાંભળે." આતિશ ધીમેથી બોલ્યો.

"અરે ના શેની સાંભળે ?" તરંગે બાંયો ચઢાવી અને પેલા છોકરાંઓને પાઠ ભણાવવા માટે તૈયાર થઈ ગયો. ચારેવ મિત્રોમાં તરંગ સહુથી વધુ બળવાન દેખાતો હતો. શરીરે સ્ટ્રોંગ અને મગજનો ગરમ હતો.

આતિશ કંઈ કહે એ પહેલા તો તરંગ બહાર દોડી ગયો. આતિશ અને એના ત્રણેવ મિત્રો ઘરની ગેલેરીમાંથી તરંગને પેલા છોકરાંઓ સાથે વાત કરતા જોઈ રહ્યા હતા. જોયું તો એ છોકરાંઓએ તરંગની ફરિયાદો સાંભળી તો નહીં પણ ઉપરથી મ્યુઝિકનું વોલ્યુમ વધારી દીધું.

આવડા મોટા છોકરાંઓ સામે પોતાનું કંઈ ચાલશે નહીં એમ વિચારીને તરંગ પાછો ઘરે આવી ગયો.

"આજે તો શાંતિથી ભણવાનો કોઈ ચાન્સ જ નથી !" તરંગે ગુસ્સામાં કહ્યું.

થોડીવાર રહીને સંયમ બહાર જવા ઊભો થયો.

"એ જુનિયર ક્યાં ચાલ્યો ? ભણવાનો ચાન્સ નથી એટલે એમ નહીં કે આપણે અત્યારથી ઘરે જવાનું છે," રિષભે સંયમને રોક્યો.

"ઘરે નહીં, હું તો બાસ્કેટ બોલ કોર્ટમાં એ છોકરાંઓને શાંતિ રાખવાનું કહેવા જઉં છું." સંયમે પોતાના ચશ્મા સીધા કરીને કહ્યું.

"વ્હોટ !!" આતિશ એકદમ ઉછળી પડ્યો, "અરે, તેં જોયું નહીં કે એ લોકોએ તરંગની વાત સાવ જ ઉડાવી દીધી. તારા જેવો સુકલકડી એમની પાસે જશે તો એ લોકો તો તને એક મુક્કો મારીને સાવ હવામાં ઉડાવી દેશે."



સંયમે એના મિત્રોને એક સ્માઈલ આપી અને પેલા છોકરાંઓ સાથે બહાર વાત કરવા ગયો.

સંયમ જાણે સિંહની ગુફામાં જઈ રહ્યો હોય એમ ત્રણેવ મિત્રો એને જોઈ રહ્યા. સંયમ જ્યારે પેલા છોકરાંઓની નજીક ગયો ત્યારે ગેલેરીમાં ઊભેલા ત્રણેવ મિત્રોના શ્વાસ અધ્ધર થઈ ગયા.

પણ પછી જે દૃશ્ય જોયું એ તો કોઈના માન્યમાં જ ના આવ્યું. પેલા છોકરાંઓએ મ્યુઝિકનું વોલ્યુમ ઓછું કર્યું એટલું જ નહીં, પણ સંયમ સાથે હસીને વાતો પણ કરી.

"હાઉ ઈઝ ધિસ પોસિબલ ?!!" તરંગને પોતાની આંખો પર વિશ્વાસ જ ના આવ્યો.

થોડીવાર રહીને સંયમ ઘરે પાછો આવ્યો અને ચોપડી ખોલીને વાંચવા લાગ્યો.


"વેલ, અમને સસ્પેન્સમાં રાખવાની કોઈ જરૂર નથી !" આતિશ, તરંગ અને રિષભ સંયમને ઘેરી વળ્યા, "તેં એ છોકરાંઓને શાંત કેવી રીતે કર્યા ?"

"ઈટ વોઝ નો બિગ ડીલ," સંયમે જવાબ આપ્યો, "મેં એમને શાંતિથી કહ્યું કે બે દિવસ પછી અમારી ટેસ્ટ છે અને મ્યુઝિકના કારણે અમને ડિસ્ટર્બ થઈ રહ્યું છે. અને ખબર છે એ લોકો બહુ સારા છે. એમને તરત જ મ્યુઝિકનું વોલ્યુમ ઓછું કરી દીધું."

"પણ એ લોકો મારી વાત સાંભળવા તૈયાર નહોતા અને તારી વાત સાંભળીને આમ બટરની જેમ પીગળી કેવી રીતે ગયા ?" તરંગને સમજાઈ નહોતું રહ્યું.

"મારી મમ્મીએ મને શીખવાડ્યું છે કે જો ગુસ્સામાં કડવા શબ્દ બોલીએ તો કોઈ આપણી વાત ના સાંભળે. પણ જો મીઠા શબ્દ બોલીએ અને સમજાવીને વાત કરીએ તો આપણી વાત સામાને પહોંચે જ ! અને બસ, મેં એમ જ કર્યું !" સંયમે કહ્યું.

તે દિવસે બાળકો ટેસ્ટ માટે તો ભણ્યા જ સાથે સાથે એક અમૂલ્ય પાઠ પણ ભણ્યા કે મીઠા શબ્દોથી ઈમ્પોસિબલ કામ પણ પોસિબલ થઈ જાય છે.





મેજિકલ વોટર
શું થયું અનીકા, કેમ આટલી અપસેટ છે ?
હું કેટલી મહેનત કરું છું, પણ મને સારા માર્ક્સ આવતા જ નથી.
તું મિહીકા સાથે ઝઘડો કરે છે ?
પણ માર્ક્સ અને મિહીકા સાથે ઝઘડાનું શું કનેક્શન ?
ટેલ મી, તું ઝઘડો કરે છે ?
એ કરે તો હું પણ કરું. એ મને એક સંભળાવે તો હું એને ચાર સંભળાવું.
આ લે મેજિકલ વોટર. મિહીકા જ્યારે તારી સાથે ઝઘડો કરવા આવે ત્યારે તારે તરત બે ઘૂંટડા પી લેવાના. અને એની વાત પતે એટલે પાણી ગળી જવાનું. ઓકે ?
ઓ......કે ?
સમય જતા,
અંકલ, તમે આપેલા પાણીમાં તો રિયલી મેજિક છે. મારા મિહીકા સાથેના ઝઘડા ઓછા થઈ ગયા. અને હવે મને ભણવાનું પણ વધારે યાદ રહે છે.
પ્લીઝ અંકલ, મને બીજું પાણી ભરી આપશો ? બોટલમાં પાણી ખલાસ થવા આવ્યું છે.


હવે તારે પાણીની જરૂર નથી !
કેમ ?
એ પાણીમાં કોઈ મેજિક હતું જ નહીં. ઝઘડા વખતે તારા મોઢામાં પાણી હતું એટલે તું સામે આર્ગ્યુમેન્ટ નહોતી કરી શકતી. અને મિહીકાનો ગુસ્સો જલ્દી શાંત થઈ જતો.
જો બે વ્યક્તિઓના ઝઘડામાં એક શાંત થઈ જાય તો સામો એની મેળે ધીરે ધીરે શાંત થઈ જ જાય. તમારા બેઉ સાથે પણ એવું જ થયું.
ઓહ એમ ? પણ, મને ભણવાનું વધુ યાદ કેવી રીતે રહેવા લાગ્યું ?
કારણ કે તે ઝઘડો કરીને શક્તિઓ વેસ્ટ ના કરી. તારી શક્તિ વધી એટલે તને ભણવાનું વધુ યાદ રહેવા લાગ્યું.
સિરિયસલી ?
હા, સિરિયસલી ! જો વાણીથી કોઈને દુઃખ ના આપીએ તો ધીરે ધીરે ગ્રાસ્પિંગ પાવર સરસ થઈ જાય !

# ટચૂકડી વાતો



નોરી, કેટલો સરસ દિવસ છે ! ચલને રમવા.
હી હી હી
હી... હી... હી...
પણ નોરીને દિવસે ક્યાં દેખાય છે ??
કંઈ દેખાતું નથી
હા....હા...હા...
પ્લીઝ યાર ! એ બ્લાઈન્ડ નથી, ખાલી કલર બ્લાઈન્ડ છે. એટલે દિવસે પણ એને મીનુ મારી જેમ કાળી જ દેખાય છે.
હા....હા...હા...
ડોન્ટ બી સેડ નોરી. એમને ખબર નથી કે કોઈની મશ્કરી કરીએ તો આપણામાં પણ એવી જ ડિફેક્ટ ઊભી થાય અને પછી બધા આપણી મશ્કરી કરે.

# સરસ્વતી વંદના





ચાલો, સરસ્વતી દેવીની વંદના કરીએ. દેવી પાસે પ્રેમલ મધુરી વાણી બોલવાની શક્તિઓ માંગીએ અને ક્યારેય એમના કાયદાઓનો ભંગ ના થાય એવી પ્રાર્થના કરીએ. નીચે આપેલી પ્રાર્થનાના 'મિસિંગ' શબ્દો આ લિંક પરથી (https://kids.dadabhagwan.org/gallery/music/All+Al-bums/sarsawati/)શોધી કાઢો. મિસિંગ શબ્દો કાગળ પર લખીએ અને સાથે સાથે સરસ્વતી દેવી પાસે દિલથી શક્તિ માંગીએ કે ક્યારેય આપણી વાણીથી કોઈને દુઃખ ના હો !

સરસ્વતી દેવી આપ અમારી --------------- દેનારી,
માંગુ હું આપની પાસે માતા મધુરી --------------- વાણી.(૨)

વાણીનો દુરુપયોગ જ્યાં કર્યો,
જૂઠ, --------------- , પ્રંપચથી
--------------- ------- ક્ષમા દ્યો અમને,
ફરી ભૂલ એવી ના કરીએ.
હે શારદામાતા સન્મુખે ઉચ્ચરાવો સવળી વાણી
માંગુ હું આપની પાસે...
હાંસી ઉડાવી કરી --------------- ,
જોખમ એમાં ભારી.
એ જીવમાં ભગવાન બિરાજે,
ઝૂકીએ --------------- માંગી.
આપના --------------- પાળીને માતા કરીએ તમને રાજી.
માંગુ હું આપની પાસે...
પ્રત્યક્ષ છે આ --------------- ,
માલિકી વગરની --------------- .
કાઢી નાંખશે, કામ વિશ્વનું,
લાખો --------------- જગાવી.
અહો --------------- વીતરાગી દાદા નમુ હું વારી વારી,
માંગુ હું આપની પાસે માતા --------------- ------- વાણી.



સરસ્વતી દેવી આપ અમારી વિદ્યાની દેનારી,
--------------- આપની પાસે માતા પ્રેમલ મધુરી વાણી.(૨)


Akram Express


September 2021
Year : 14, Issue : 1
Conti. Issue No.: 157


BALVIGNAN
Fun 'n' Gnan with Dada


Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# Global LMHT kids camp 2021











**સરસ્વતી વંદનાના જવાબઃ** વિદ્યાની, પ્રેમલ, અસત્ય, સરસ્વતી માતા, મશ્કરી, માફી, કાયદા, સરસ્વતી, વાણી, હૃદયને, ગજબ, પ્રેમલ મધુરી, માગું હું

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.